પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૬ | ૧૭ માર્ચ, ૨૦૨૧, બુધવાર; ફાગણ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નવી નેશનલ બેંક ઉભી કરાશે

**મોટા ઈન્ફ્રા પ્રોજેક્ટસને ફંડ આપવા નવી નેશનલ બેંક નિર્માણ કરાશે : આ બેંકને વિકાસ નાણા સંસ્થા નામ આપવામાં આવ્યું, સરકાર તરફથી ૨૦ હજાર કરોડનું પ્રારંભિક ફંડ આપવામાં આવશે : વડાપ્રધાનની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય કેબિનેટની મંજુરી**

નવી દિલ્હી, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં એક નવી નેશનલ બેંક બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બેંક મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને ફંડ કરવાનું કામ કરશે. તેને વિકાસ નાણા સંસ્થા નામ આપવામાં આવ્યું છે.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામણે સરકારે બજેટમાં જ આ પ્રકારની બેંક બનાવવાની જાહેરાત કરી હોવાની માહિતી આપી હતી જેને હવે કેબિનેટે પણ મંજૂરી આપી દીધી છે. સીતારામણના કહેવા પ્રમાણે નાણા વિકાસ સંસ્થા દેશમાં ચાલી રહેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને ફંડ કરવાનું કામ કરશે. આ નવી સંસ્થા



શૂન્યથી શરૂ કરવામાં આવશે. હાલ એક બોર્ડની રચના કરવામાં આવશે જે ભવિષ્યના નિર્ણયો લેશે.

જો કે સરકાર તરફથી ૨૦ હજાર કરોડ રૂપિયાનું પ્રારંભિક ફંડ આપવામાં આવશે. આ બેંક દ્વારા બોન્ડ બહાર પાડવામાં આવશે અને તે રીતે તેમાં રોકાણ કરવામાં આવશે. આગામી થોડા વર્ષોમાં ૩ લાખ કરોડ રૂપિયા ભેગા કરવાની આશા છે. તેમાં રોકાણ કરનારાઓને ટેક્સ બેનિફિટ પણ મળશે. તેમાં મોટા સોવેરિઅન ફંડ, પેન્શન ફંડ રોકાણ કરી શકે છે. હકીકતે કોઈ જૂની બેંક આ પ્રકારના મોટા પ્રોજેક્ટમાં ફંડ કરવા તૈયાર નહોતી. આશરે ૬,૦૦૦ જેટલા ગ્રીન બ્રાઉન ફીલ્ડ પ્રોજેક્ટ એવા છે જેને ફન્ડિંગની જરૂર છે. આ કારણે જ આવી સંસ્થા બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## લોકસભાના પ્રશ્નકાળમાં સમગ્ર હોલમાં માત્ર એક સાંસદ હાજર

**પાંચ રાજ્યોમાં ચૂંટણી પર્ચાર જોરમાં ચાલુ : મોટા ભાગના પક્ષોના સાંસદો ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હોઈ સંસદના બજેટ સત્ર ઉપર માઠી અસર જોવા મળી**

નવી દિલ્હી, તા. ૧૬

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે અને પક્ષોએ મોટાભાગના સાંસદોને ચૂંટણી પ્રચારમાં ઉતારી દીધા છે. જેની અસર લોકસભાના બજેટ સત્ર પર દેખાઈ રહી છે. બજેટ સત્રના બીજા તબક્કામાં લોકસભાનો નજારો જોવા લાયક હતો. લોકસભાના પ્રશ્નકાળ દરમિયાન સમગ્ર હોલમાં માત્ર એક જ સાંસદ હાજર જોવા મળ્યા હતા.

પ્રશ્નકાળ દરમિયાન કુલ સાત સવાલ પૂછવામાં આવ્યા હતા પણ સવાલ પૂછનારા સાંસદો ગાયબ હતા.માત્ર કેરાલાના સાંસદ મુરલીધરન હજાર હતા અને તેમને આ આ વખતે કોંગ્રેસે વિધાનસભા માટે બનાવ્યા છે.

બજેટ સત્રમાં સંસદની કાર્યવાહી શરુ થયા બાદ ૨૦ ટકા જ સાંસદો સંસદમાં પહોંચ્યા છે અને આ દરમિયાન સંસદ ભવનમાં પણ સન્નાટો હતો. ટ્રેઝરી બેન્ચ પર ત્રણ લોકો અને એક જ સાંસદ નજરે પડ્યા હતા. કેન્દ્ર સરકારના મોટાભાગના મંત્રીઓ પણ હાલમાં પશ્ચિમ બંગાળમાં પ્રચારમાં વ્યસ્ત છે અને ભાજપે તો સંખ્યાબંધ સાંસદોને પણ બંગાળમાં ચૂંટણી લડવા માટે ટિકિટ આપી છે.

## મહારાષ્ટ્રમાં રેસ્ટોરન્ટ-હોટેલ બંધ, પંજાબમાં પરીક્ષાઓ રદ

**રેસ્ટોરન્ટ,હોટેલ,મલ્ટીપ્લેક્સ ૫૦ ટકા ક્ષમતા સાથે શરુ થશે, મોલની અંતર માસ્ક,સોશિયલ ડિસ્ટન્સ ફરજિયાત : લગ્ન પ્રસંગમાં માત્ર ૫૦ લોકોને જ એન્ટ્રી**

મુંબઈ/ચંડીગઢતા.૧૬

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસો કહેર સતત વધી રહ્યો છે. કોરોનાના દરરોજના આંકડાઓ ચિંતામાં વધરો કરી રહ્યા છે. જેને લઈને મહારાષ્ટ્ર સરકાર ફરીથી પ્રતિબંધો લગાવી રહી છે. નાગપુરમાં લોકડાઉન લાગુ થયું છે તો અનેક જિલ્લામાં નાઈટ કર્ફ્યુ લગાવવામાં આવ્યો છે. આ બધા વચ્ચે મહારાષ્ટ્ર સરકારે કોરોનાને રોકવા માટે નવી ગાઈડલાઈન જાહેર કરી છે.

જેની અંદર કહેવામાં આવ્યું છે કે રાજ્યમાં હવે રેસ્ટોરન્ટ, હોટેલ, મલ્ટીપ્લેક્સ ૫૦ ટકા ક્ષમતા સાથે શરુ રહેશે. આ સિવાય મોલની અંદર તમામ લોકોએ માસ્ક પહેરવું અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવુ પડશે. નિયમોનું પાલન કરાવવા માટે મોલની અંદર વધારે કર્મચારીઓને તહેનાત કરવાના રહેશે.

આ સિવાય આ નવી ગાઈડલાઈનમાં સરકારે કન્ટેન્ટમેન્ટ ઝોનમાં લગાવેલા પ્રતિબંધોને ૩૧ માર્ચ સુધી વધારી દીધા છે. લગ્ન સમારોહની અંદર મહેમાનોની સંખ્યા પર ફરીથી કોરોનાનું ગ્રહણ લાગ્યું છે.

મહારાષ્ટ્રમાં લગ્ન પ્રસંગ માટે હવે માત્ર ૫૦ લોકો જ સામેલ થઈ શકશે. તો તમામ પ્રકારના સામાજિક, સાંસ્કૃતિક, રાજનૈતિક અને ધાર્મિક કાર્યક્રમો પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

## મહારાષ્ટ્રમાં ધોરણ ૧થી ૮માં માસ પ્રમોશન આપવાની તૈયારી

મહારાષ્ટ્રમાં ફરી કોરોનાના કેસો રોકેટ ગતિએ વધી રહ્યા છે, ત્યારે રાજ્ય સરકાર પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને પરીક્ષા લીધા વિના જ આગળના ધોરણમાં મોકલી દેવા વિચારણા કરી રહી છે. જોકે, વિદ્યાર્થીઓનું આ વર્ષમાં પર્ફોમન્સ કેવું રહ્યું છે તેના આધાર પર તેમને ગ્રેડ આપવામાં આવશે. ધોરણ ૧થી ધોરણ ૮માં ભણતા સ્ટૂડન્ટ્સને કોરોનાના વધતા કેસ વચ્ચે પરીક્ષા લીધા વિના જ પ્રમોટ કરવા માટે શિક્ષણ વિભાગ ગંભીરતાથી વિચારી રહ્યો છે.

## કોરોનાની ત્રીજી વેક્સિનને તરત મંજૂરી આપવાની વકી

**રશિયાની સ્પૂતનિક વી વેક્સીનના ઉપયોગ માટે તાજેતરમાં જ સરકારની મંજૂરી માગવામાં આવી**

નવી દિલ્હી, તા. ૧૬

ભારતમાં ફરી એક વખત કોરોનાના કેસ ઝડપભેર વધી રહ્યા છે ત્યારે દેશમાં કોરોનાની ત્રીજી વેક્સીનને પણ ઈમરજન્સી ઉપયોગ માટે તાત્કાલિક મંજૂરી આપવામાં આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં ભારતમાં બે વેક્સીનને મંજૂરી અપાઈ છે અને તે લોકોને મુકવામાં આવી રહી છે ત્યારે રશિયાની સ્પૂતનિક વી વેક્સીનના ઉપયોગ માટે તાજેતરમાં જ સરકારની મંજૂરી માંગવામાં આવી હતી.

જોકે અત્યાર સુધી ભારતના ડ્રગ કંટ્રોલર દ્વારા આ વેકસીનને મંજૂરી આપવામાં આવી નથી.બીજી તરફ આ વેક્સીનની ત્રીજા તબક્કાની ટ્રાયલ પણ પૂરી થઈ ચુકી છે અને તેમાં ૧૫૦૦ લોકોને સામેલ કરવામાં આવ્યા હતા.આ પરિક્ષણનુ રિઝલ્ટ વહેલી તકે જાહેર કરાશે.

જોકે રશિયામાં આ વેક્સીન લોકોને અપાઈ રહી છે.અહીંયા તેની ટ્રાયલમાં તે ૯૧ ટકા અસરકારક હોવાનુ સાબિત થયુ હતુ.રશિયાની આ ટ્રાયલમાં ૧૯૦૦૦ જેટલા સ્વયંસેવકોને સામેલ કરવામાં આવ્યા હતા.રશિયામાં આ વેક્સીન ૩૫ લાખ લોકોને બે ડોઝ સ્વરુપે અપાઈ ચુકી છે.

હવે જ્યારે ભારતમાં કોરોના ઝડપથી ફેલાઈ રહ્યો છે ત્યારે રસીકરણમાં ઝડપ લાવવા માટે ભારત ત્રીજી રસી તરીકે રશિયાની વેક્સીનને બહુ જલ્દી મંજુરી આપશે તેવી અટકળો શરુ થઈ છે.

## ઉમેદવાર કરતા નોટાને વધુ મત મળે તો ચૂંટણી રદ કરી શકાય?

**નોટાના અમલના ૮ વર્ષ બાદ સવાલ ઊભો કરાયો : વકીલ અશ્વિનીકુમાર ઉપાધ્યાય દ્વારા દાખલ પીઆઈએલ સાથે સુપ્રીમના ચીફ જસ્ટિસ બોબડે, બોપન્ના સંમત થયા**

નવી દિલ્હી, તા. ૧૬

ચૂંટણીમાં મતદારોને નોટા વિકલ્પ આપ્યાના આઠ વર્ષ બાદ, સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર અને ચૂંટણી પંચને પૂછ્યું હતું કે, જો સૌથી વધારે મત મેળવનારા ઉમેદવાર કરતાં નોટાને વધારે મત મળ્યા હોય તો શું દરેક ઉમેદવારોને નામંજૂર કરવા તે કાયદાકીય રીતે સ્વીકાર્ય હશે કે કે કેમ?

ચીફ જસ્ટિસ એસ.એ. બોબડે અને જસ્ટિસ એ.એસ. બોપન્ના અને વી રામસુબ્રમણ્યનની ખંડપીઠ વકીલ અશ્વિનીકુમાર ઉપાધ્યાય દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલ સાથે સંમત થયા હતા. આ સાથે કહ્યું હતું કે, આ પ્રકારના પગલાથી ચૂંટણી બાદ સંસદ અને વિધાનસભાઓની રચનામાં અવરોધ ઉભો થઈ શકે છે. ઉપાધ્યાય તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મેનકા ગુરુસ્વામીએ કહ્યું હતું કે, નોટા મતદારો માટે વિકલ્પ હોવા છતાં, રાજકીય પક્ષોએ 'સારા ઉમેદવારો' પસંદ કરવા માટે પ્રોત્સાહન આપ્યું નથી. કારણ કે, નોટાને મળેલા મતથી ચૂંટણીના પરિણામો પર કોઈ અસર પડી નથી. 'અરજદાર ઈચ્છે છે કે જો નોટાને મળેલા મત વિજેતા ઉમેદવાર કરતાં વધારે હોય તો, ચૂંટણી રદ કરવામાં આવે અને ફરીથી ચૂંટણી યોજાવી જોઈએ', તેમ તેમણે કહ્યું હતું

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાનું (સીજેઆઈ) કહેવું હતું કે, આપણી ચૂંટણી પ્રણાલીમાં આ પ્રતિક્રિયાકારક હોઈ શકે છે. 'ધારી લો કે રાજકીય પક્ષોનો મતદારો પર પ્રભાવ છે અને તેઓ તેમને કેટલાક મતદારક્ષેત્રમાં નકારાત્મક મત આપવા માટે મનાવવામાં સફળ થાય. છે. તેના પરિણામરૂપે સંસદ અને વિધાનસભાની ઘણી બેઠકો ખાલી પડી રહેશે અને ગૃહની રચના માટે મુશ્કેલી ઉભી થશે. આ સિવાય મતદારક્ષેત્ર લાંબા સમય સુધી રજૂઆત વગર રહેશે', તેમ ખંડપીઠે જણાવ્યું હતું.

ગુરુસ્વામીએ કહ્યું હતું કે, તમામ ઉમેદવારોના અસ્વીકારથી રાજકીય પક્ષો ક્લીન ટ્રેક રેકોર્ડ ધરાવતા લોકોની જ પસંદગી કરશે અને રાજકારણના ગુનાહિતકરણને રોકવામાં લાંબો રસ્તો નક્કી કરશે. તો સીજેઆઈએ પૂછ્યું કે, 'શું તમને લાગે છે કે રાજકીય પક્ષો આવી કવાયત નથી કરતા?'

અરજદારે જવાબમાં કહ્યું કે, જો નોટાને બહુમતી મળે તો તે મત વિસ્તારની ચૂંટણી રદ કરવી જોઈએ અને કોઈ ચોક્કસ સમયગાળામાં નવી ચૂંટણી યોજાવી જોઈએ. રદ થયેલી ચૂંટણીમાં નામંજૂર થયેલા ઉમેદવારોને નવી ચૂંટણીમાં ભાગ લેવાની છૂટ ન હોવી જોઈએ. જો નોટાને વધારે મત મળે તો, લડતા ઉમેદવારોને અસ્વીકાર કરવાનો અને નવા ઉમેદવારોની પસંદગી કરવાનો અધિકારી ફક્ત મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીની કરવા માટે જ જરૂરી નથી, પરંતુ તે બિનસાંપ્રદાયિકતા માટે પણ જરૂરી છે.

## નોઈડા-દિલ્હીને જોડતી ચિલ્લા બોર્ડર ૨૬મીએ બંધ કરવા એલાન

**ખેડૂત નેતાઓ વિવિધ રાજ્યોનો પ્રવાસ કરી રહ્યા છે, ખેડૂત આંદોલન માટે સમર્થન મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે**



નવી દિલ્હી, તા. ૧૬

રાજધાની દિલ્હીની સરહદો પર છેલ્લા ત્રણ મહિના કરતા પણ વધારે સમયથી ખેડૂત આંદોલન ચાલી રહ્યું છે. હવે ખેડૂત નેતાઓ દેશના અલગ અલગ રાજ્યોનો પ્રવાસ કરી રહ્યા છે અને ખેડૂત આંદોલન માટે સમર્થન મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે આ બધા વચ્ચે ફરીથી દિલ્હીની સરહદો પર કંઈક નવાજૂની થવાના એંધોણ જોવા મળ્યા છે.

ખેડૂત નેતા રાકેશ ટિકૈતે આ માટેના સંકેતો આપ્યા છે. રાકેશ ટિકૈતે જણાવ્યું કે ૨૬ માર્ચના રોજ ભારત બંધ થશે અને ત્યારે નોએડા અને દિલ્હીને જોડતી ચિલ્લા બોર્ડર પણ બંધ કરાવામાં આવશે. આ જગ્યા પર આંદોલનને વધારે ઉગ્ર બનાવવામાં આવશે. સાથે જ રાકેશ ટિકૈતે કહ્યું કે જો જરુર પડી તો અને ચિલ્લા બોર્ડર ઉપર પણ ગાજીપુર બોર્ડરની માફક આંદલન શરુ કરીશું.

ઈન્ટરવ્યુ દરમિયાન તેમણે કહ્યું કે નોએડાના જે સ્થાનિક લોકો છે તેમને રોજગાર નથી મળતો. જે ઉદ્યોગો છે તેમાં સાથ્નિક યુવાનો અને લોકોને કામ નથી અપાતું. જે લોકોની જમીન ગઈ છે તેમને પણ નોકરી નથી મળતી. ખાસ કરીને નોઈડામાં આવી સ્થિતિ છે.

## સમાચાર રફ્તાર

- દેશમાં બે લોકસભા અને ૧૪ વિધાનસભાની ૧૭ એપ્રિલે પેટા ચૂંટણી યોજાશે.
- કોંગ્રેસ દિગ્ગજ નેતા પી.સી. ચાકો એનસીપીમાં જોડાશે.
- ભોપાલ અને ઈન્દોરમાં પણ નાઈટ કરફ્યુ લગાવાયો.
- પ્રધાનમંત્રીના મુખ્ય સલાહકાર પી.કે. સિંહાએ અંગત કારણોસર રાજીનામુ આપ્યુ.
- આજે આમ આદમી પાર્ટી દ્વારા જંતરમંતર ખાતે દેખાવો યોજાશે.
- રાજ્યસભાના સાંસદ સ્વપનદાસ ગુપ્તાએ રાજ્યસભામાંથી રાજીનામુ આપી વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવ્યુ.
- કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય બેંકની સ્થાપના કરશે.
- મોરબીની વાંકાનેર નગરપાલિકામાં બહુમતી હોવા છતાં સત્તા ભાજપે ગુમાવી.
- નેશનલ હાઈવે પર ટોલ ટેક્સમાં પાંચ ટકાનો વધારો.

Vશાલ
SUPER MARKETની આજ
આર્મી ડીટરજન્ટ કેક
(૧.૫ કિલો)
૪૫/-રૂ. MRP ૬૦/-
સેક્ટર-૬/કુડાસણ

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

## બ્રિટિશ પ્રધાનમંત્રી બોરિસ જોનસન એપ્રિલમાં ભારત આવશે

**ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર પર ચર્ચાની શક્યતા : જોનસન ગણતંત્ર દિવસના અવસરે મુખ્ય અતિથિ તરીકે ભારત આવવાના હતા પણ કોરોનાના લીધે પ્રવાસ રદ કર્યો**

લંડન,તા.૧૬

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસન એપ્રિલ મહિનાના અંતમાં ભારતનો પ્રવાસ કરશે. ખાસ વાત એ છે કે જોનસનનો આ પહેલો આંતરરાષ્ટ્રીય પ્રવાસ હશે. આ પહેલા ગણતંત્ર દિવસના અવસરે મુખ્ય અતિથિ તરીકે તેઓ ભારત આવવાના હતા, પરંતુ કોરોના વાયરસના કેસ ફરી એક વાર વધવાના કારણે તેઓએ ભારત પ્રવાસ રદ કરી દીધો હતો. જોકે, ત્યારે તેઓએ વાયદો કર્યો હતો કે ટૂંક સમયમાં ભારત આવશે. સમાચાર એજન્સી રોઈટર્સે વડાપ્રધાન બોરિસ જોનસનના કાર્યાલયના હવાલાથી તેમના પ્રવાસની જાણકારી આપી છે.

સરકારનું કહેવું છે કે તેઓ આવનારા વર્ષો માટે સરકારની નીતિની એકીકૃત સમીક્ષાના હિસ્સાના રૂપમાં ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર તરફ પોતાનું ધ્યાન કેન્દ્રીત કરશે. સરકારના જણાવ્યા અનુસાર, આ ક્ષેતર મોટા સ્તર પર દુનિયાના જિયોપોલિટિકલ કેન્દ્રનું પ્રતિનિધિત્વ કરે છે. બ્રિટનના વડાપ્રધાન તરફથી ભારત પ્રવાસની પુષ્ટિ બે પ્રવાસ રદ થયા બાદ થઈ છે.

આ દરમિયાન બ્રિટનમાં કોવિડ-૧૯ના કેસ વધવાને કારણે જોનસને ભારતનો પ્રવાસ રદ કરી દીધો હતો. જાન્યુઆરીમાં બંને દેશોની વચ્ચે કારોબારની ચર્ચા વધારવાના ઈરાદાથી પહોંચી રહ્યા હતા. ડાઉનિંગ સ્ટ્રીટે ઘોષણા કરી હતી કે જોનસન જાન્યુઆરી ૨૦૨૧ને વ્યૂહાત્મક સંબંધોને મજબૂત કરવા માટે પ્રવાસ કરશે. આ સમગ્ર યૂનાઈટેડ કિંગડમમાં નોકરીઓ અને રોકાણકારોનું સમર્થન કરે છે. ગત મહિને બ્રિટને કોમ્પ્રેહેંસિવ એન્ડ પ્રોગ્રેસિવ એગ્રીમેન્ટ ફોર ટ્રાન્સ-પેસિફિક પાર્ટનરશિપમાં સામેલ થવા માટે ઔપચારિક અનુરોધ કર્યો છે.

## સ્કોર્પિયો ચોરી નહતી થઈ વાજેની સોસાયટીમાં જ હતી

મુંબઈ, તા. ૧૬

ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના મુંબઈ સ્થિત ઘર એન્ટિલિયાની બહાર વિસ્ફોટકો ભરેલી સ્કોરપિયો મુકવાના મામલામાં મુંબઈના પોલીસ અધિકારી સચિન વાજેની ધરપકડ બાદ નવો ખુલાસો થયો છે.

**વાજેએ પોતાની સોસાયટીના સીસીટીવી ફૂટેજ ડિલિટ કરાવી દીધા હતા : વાજેની ધરપકડ બાદ પૂછપરછ**

વાજેની ધરપકડ બાદ પૂછપરછ કરી રહેલી નેશનલ ઈન્વેસ્ટિગેટિવ એજન્સીના અધિકારીઓનુ કહેવુ છે કે, વાજેએ પોતાની સોસાયટીના સીસીટીવી ફૂટેજ ડિલિટ કરાવી દીધા હતા. જોકે એજન્સીને તે ફરી મળી ચુક્યા છે.જેનાથી ખબર પડે છે કે, સ્કોર્પિયો ચોરી નહોતી થઈ.આ કાર ૧૮ થી ૨૪ ફેબ્રુઆરી વચ્ચે વાજેની સોસાયટીમાં જ ઉભેલી દેખાઈ છે.

સૂત્રોના કહેવા પ્રમાણે મનુસખ હિરેનની કાર ચોરી થઈ જ નહોતી.તે વાજેની સોસાયટીમાં જ હતી અને સીસીટીવી ફૂટેજમાં આ સાબિત થયુ છે.

ઉલ્લેખનીય છે કે, ગાડીના માલિક મનસુખ હિરેને પહેલા પોતાના નિવેદનમાં કહ્યુ હતુ કે, ૧૭ ફેબ્રુઆરીએ મારી કાર ગાયબ થઈ હતી.જોકે ફોરેન્સિક રિપોર્ટમાં સાબિત થયુ છે કે કારનો દરવાજો બળજબરીથી તોડવામાં આવ્યો હોય તેવો કોઈ પૂરાવો નથી.

ઉલ્લેખનીય છે કે, મનસુખ હિરેનનો મૃતદેહ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા બાદ એન્ટિલિયાની બહાર વિસ્ફોટકો ભરેલી કાર મળી આવવાનો મામલો વધારે વિવાદાસ્પદ બન્યો હતો. તેમાં પણ કારના માલિક મનસુખ હિરેનનુ શંકાસ્પદ સંજોગોમાં મોત થયા બાદ મામલાની તપાસ એનઆઈએ દ્વારા શરુ કરવામાં આવી હતી.